# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૯૧ તા.૦૯-૧૨-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- અ.મ્યુ.કો. દ્વારા ચાલતા સ્વચ્છતા અભિયાનમાં જોડાવા બાબત.
સંદર્ભઃ- ૧. અત્રેની કચેરીના પરિપત્ર નં. ૭૦, તા. ૧૨-૧૦-૨૦૨૩
૨. અત્રેની કચેરીના પરિપત્ર નં. ૭૧, તા. ૧૩-૧૦-૨૦૨૩

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોક્ત વિષય અને અન્વયે જણાવવાનું કે, સંદર્ભદર્શિત પરિપત્રોથી અગાઉ સફાઈ અંગેના પરિપત્રો દ્વારા શાળા સ્વચ્છતા અંગે જાણ કરવામાં આવેલ છે.

હાલમાં અ.મ્યુ.કો. દ્વારા તમામ સરકારી કચેરીઓમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત પડતર તુમાર નિકાલની ઝુંબેશ, શાળાના રેકોર્ડ વર્ગીકરણની કાર્યવાહી તેમજ શાળાના રેકર્ડ રૂમની સાફ સફાઈ, જાળવણી અને યોગ્ય રીતે રેકર્ડ નિભાવણી, ડેડસ્ટોકનો નિકાલ કરવા જણાવવામાં આવે છે.

વધુમાં હાલમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અમદાવાદ શહેરમાં દર રવિવારે સ્વચ્છતા અભિયાન ઝુંબેશ ચાલી રહયો છે. જેમાં તમામ શિક્ષકોએ વ્યકિતગત, શિક્ષક ટીમ બનાવીને, પોતાના પરિવાર કે મિત્રો સાથે ટીમ બનાવીને શાળા, ઘર, શેરી, સોસાયટીની આજુબાજુના વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન ઝુંબેશમાં પોતાનો અમુલ્ય સમયદાન અપીલ કરવામાં આવે છે.

તા.૦૯-૧૨-૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**અગત્યની નોંધ :-**

**(૧) રાજ્ય વ્યાપી સૂર્યનમસ્કાર સ્પર્ધામાં ભાગ લેવા બાબત.**
**સંદર્ભ:- રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગુ.રા. ગાંધીનગરના પરિપત્ર ક્રમાંકઃ ગયબ/ સૂર્યનમસ્કાર/સ્પર્ધા/૨૦૨૩, તા. ૦૭-૧૨-૨૦૨૩**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકોને જણાવાવનું કે, અત્રેની કચેરીના પરિપત્ર નં. ૮૭, તા. ૦૫-૧૨-૨૦૨૩ થી રાજ્ય વ્યાપી સૂર્યનમસ્કાર સ્પર્ધામાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન, સ્પર્ધાની વિગતો તેમજ સ્પર્ધાનો સમયગાળાની માહિતી વિશે જાણ કરવામાં આવેલ હતી. જેમાં સંદર્ભવાળા પરિપત્રથી આપવામાં આવેલ સુચના અનુસાર સ્પર્ધાના સમયગાળાની વિગતોમાં અંશતઃ ફેરફાર થયેલ છે જે નીચે મુજબ દર્શાવેલ છે. જે ધ્યાને લેવા જણાવવામાં આવે છે.

**<u>સ્પર્ધાની વિગત</u>**

| ક્રમ | કક્ષા | કાર્યક્રમની વિગત | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | શાળા કક્ષા | સૂર્યનમસ્કારનું નિદર્શન અને મહાવરો | તા. ૧૨ થી ૧૪ ડીસેમ્બર ૨૦૨૩ |
| ૨ | વોર્ડ કક્ષા | કોર્પોરેશન વોર્ડ કક્ષાની સ્પર્ધા | તા.૧૯ ડીસેમ્બર ૨૦૨૩ |
| ૩ | ઝોન કક્ષા | કોર્પોરેશન ઝોન કક્ષાની સ્પર્ધા | તા. ૨૩ ડીસેમ્બર ૨૦૨૩ |
| ૪ | મહાનગરપાલિકા કક્ષા | મહાનગરપાલિકા કક્ષાની સ્પર્ધા | તા.૨૬ ડીસેમ્બર ૨૦૨૩ |
| ૫ | રાજ્ય કક્ષા | રાજ્ય કક્ષાની સ્પર્ધા | તા.૩૦ ડીસેમ્બર ૨૦૨૩ |
| ૬ | રાજ્ય કક્ષા | રાજ્ય કક્ષાના વિજેતા સ્પર્ધકોનો સન્માન સમારોહ | તા. ૦૧ જાન્યુઆરી ૨૦૨૪ |

**(૨) પ્રાથમિક /ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોની જિલ્લાફેર અરસ-પરસ બદલી અંગે.**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકોને જણાવાવનું કે, અત્રેની કચેરીના પરિપત્ર નં. ૮૫, તા. ૦૧-૧૨-૨૦૨૩માં જણાવેલ સુચના નં. ૮ માં જણાવેલ વિગતોના બદલે નીચે જણાવેલ વિગતો ધ્યાને લેવાની રહેશે.

- જિલ્લાફેર અરસ - પરસ બદલીની માંગણી કરનાર શિક્ષકોની અરજીની તારીખે ત્રણ વર્ષની સેવા બાકી હોવી જોઈએ. આ રીતે બદલી થયા પછી શિક્ષક ત્રણ વર્ષ સુધી સ્વૈચ્છિક નિવૃત્તિ માંગશે નહી તેની લેખિત બાંહેધરી અરજી કરતી વખતે આપવાની રહેશે.

તા.૦૯-૧૨-૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી